પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૬૭ | ૨૬ ઓગસ્ટ, ૨૦૧૮, રવિવાર; શ્રાવણ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### સરકાર પેટ્રોલ-ડિઝલને જીએસટીમાં નહિ આવરે

પેટ્રોલ અને ડીઝલને ટૂંક સમયમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) હેઠળ આવરી લેવાની અત્યારે કોઈ યોજના નથી. રાજ્ય અને કેન્દ્ર સરકારો આ પક્ષમાં નથી, આ તેનું મુખ્ય કારણ છે, કારણકે સરકારને મહેસૂલમાં નુકસાન થવાનો ભય છે.

### સોનાના ભાવમાં ધરખમ વધારો

મજબૂત વૈશ્વિક વલણ અને સ્થાનિક જ્વેલરી વેપારીઓની ખરીદી વધવાથી દિલ્હી બુલિયન માર્કેટમાં આજે સોનાની કિંમત ૨૫૦ રૂપિયા વધી ૧૦ ગ્રામ દીઠ ૩૦,૯૦૦ રૂપિયા પર પહોંચી છે. ઔદ્યોગિક એકમો અને સિક્કાના ઉત્પાદકોનું દબાણ વધવાથી ચાંદીની કિંમત પણ ૪૦૦ રૂપિયાનો વધારો નોંધાયો હતો.

### ૧લીથી રેલ્વેમાં મળતી ફ્રી સેવાઓ બંધ થશે

ભારતીય રેલવે એક સપ્ટેમ્બરથી ઓનલાઈન ટિકિટ બુક કરાવનારાઓ માટે મોટા ફેરફાર કરવા જઈ રહી છે. આગામી મહિનાથી રેલવે ફ્રીમાં મળનારી એક સેવા બંધ કરી દેશે.

### લાલુ યાદવ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ

રાષ્ટ્રીય જનતા દળના અધ્યક્ષ લાલૂ યાદવને મુંબઈની એશિયન હાર્ટ ઈન્સ્ટિટ્યૂટમાંથી ડિસ્ચાર્જ મળ્યો છે. હાલ જાણવા મળી રહ્યું છે કે લાલૂ યાદવ ડિસ્ચાર્જ બાદ પટના જશે. હૃદય અને કિડનીની બિમારીના કારણે લાલૂ યાદવ છેલ્લા દોઢ માસથી અહીં ભરતી થયાં હતા.

# નેવી માટે ૧૧૧ હેલિકોપ્ટરો ખરીદાશે

**હેલીપોક્પટર ખરીદવા ૨૧ હજાર કરોડની ડિલને મંજુરી : આર્મી અને નેવીની તાકાતમાં અનેકગણો વધારો કરવા નિર્ણય : કુલ ૪૬ હજાર કરોડ રૂપિયાની ખરીદીના પ્રસ્તાવને બહાલી અપાઈ : ચીન અને પાકિસ્તાન સાથે ચાલી રહેલી ખેંચતાણની વચ્ચે અતિમહત્વપૂર્ણ મંજુરી**

નવી દિલ્હી, તા.૨૫

સંરક્ષણ મંત્રાલયે આર્મી અને નેવી માટે મોટી ખરીદી કરવાને આજે લીલઝંડી આપી હતી. આમાં નૌકાસેના માટે ૧૧૧ હેલિકોપ્ટરો અને આશરે ૧૫૦ આર્ટીલરી ગન સિસ્ટમ ખરીદવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ હેલિકોપ્ટર સોદાબાજી પર આશરે ૨૧ હજાર કરોડોનો ખર્ચ કરવામાં આવશે. સેના માટે ચીજવસ્તુઓની ખરીદી માટે ઝડપથી મંજુરી મળી રહી છે. કુલ ૪૬ હજાર કરોડ રૂપિયાની ખરીદી કરવાના પ્રસ્તાવને મંજુરી આપી દેવામાં આવી છે. જેમાં હેલિકોપ્ટર સોદાબાજી પણ સામેલ છે. ડિફેન્સ પ્રાપ્તિ કાઉન્સીલની હાલમાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સંરક્ષણ મંત્રાલયની સર્વોચ્ચ નિર્ણય લેતી સમિતિ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યા બાદ આ અંગે જાણ કરવામાં આવી છે. સંરક્ષણ અધિગ્રહણ પરિષદ (ડીએસી)ની હાલમાં બેઠક યોજાઈ હતી. એક સિનિયર અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ડીએસીએ ૧૧૧ હેલિકોપ્ટરોની ખરીદીને મંજુરી આપી છે. જેમાં ૨૧ હજાર કરોડનો ખર્ચ કરવામાં આવશે. અધિકારીનું કહેવું છે કે ડીએસી દ્વારા કેટલીક અન્ય ખરીદીના પ્રસ્તાવને પણ મંજુરી આપી છે. જેના ઉપર લગભગ ૨૪૮૭૯ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

આમાં આર્મી માટે ૧૫૫ એમએમ વાળી ૧૫૦ આર્ટીલરી ગન સિસ્ટમનો સમાવેશ થાય છે. સ્વદેશમાં જ ડિઝાઈન વિકસિત

● અનુસંધાન પાન-૭ પર

# અમરનાથના દર્શને વિક્રમી શ્રદ્ધાળુઓ પહોંચ્યા



**આજે છડીમૂબારક પહોંચ્યા બાદ અમરનાથ યાત્રા પૂર્ણ જાહેર કરાશે : છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી વધુ શ્રદ્ધાળુઓ દર્શને પહોંચ્યા**

શ્રીનગર, તા. ૨૫

છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં આ વર્ષે અમરનાથ શ્રદ્ધાળુઓની સંખ્યામાં સૌથી વધુ વધારો નોંધાયો છે. આ વર્ષે ૬૦ દિવસ સુધી અમરનાથ યાત્રા ચાલી હતી. જ્યારે ગયા વર્ષે અમરનાથ યાત્રા ૪૦ દિવસ સુધી ચાલી હતી. ગયા વર્ષે અમરનાથમાં દર્શન માટે પહોંચેલા શ્રદ્ધાળુઓની સંખ્યા ૨૬૦૦૦૩ નોંધાઈ હતી. જેની સરખામણીમાં આ વર્ષે સંખ્યામાં વધારો નોંધાયો છે અને આંકડો ૨૮૪૩૩૨ સુધી પહોંચ્યો છે. ૨૦૧૨ બાદથી અમરનાથ યાત્રામાં શ્રદ્ધાળુઓની વાત કરવામાં આવે તો સૌથી વધુ સંખ્યા ૨૦૧૪માં નોંધાઈ હતી. તે ગાળામાં અમરનાથ યાત્રીઓની સંખ્યા ૩૭૨૯૦૯ સુધી પહોંચી હતી. ૨૦૧૩ અને ૨૦૧૫માં પણ આંકડો ખૂબ મોટો રહ્યો હતો. બીજી બાજુ છેલ્લા થોડાક વર્ષના ગાળામાં શ્રદ્ધાળુઓની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. જેના પરિણામ સ્વરૂપે કુદરતી રીતે બનતા શિવલીંગ ઓગળી જવાની પ્રક્રિયા પણ વહેલીતકે પરિપૂર્ણ થઈ રહી છે. આ વર્ષે શ્રદ્ધાળુઓની સંખ્યા વર્ષ ૨૦૧૭માં જે કુલ સંખ્યા નોંધાઈ હતી તે સંખ્યાના આંકડાને માત્ર ૩૩ દિવસના ગાળામાં જ પાર કરી ગઈ હતી. ત્યારબાદ અમરનાથ યાત્રાને વારંવાર સસ્પેન્ડ કરવા, ખરાબ હવામાનના લીધે બંધ રાખવા અને હિંસાના કેટલાક બનાવોના લીધે અમરનાથ યાત્રાને બંધ રાખવાના પરિણામ સ્વરૂપે શ્રદ્ધાળુઓની સંખ્યા ત્રણ લાખ સુધી પહોંચી શકી ન હતી. યાત્રામાં શ્રદ્ધાળુઓની સંખ્યા ત્રણ લાખથી ઉપર પહોંચશે તેમ પહેલા માનવામાં આવી રહ્યું હતું

● અનુસંધાન પાન-૭ પર




## કર્ણાટકની જનતાના આશિર્વાદથી ફરીથી મુખ્યમંત્રી બનીશ : સિદ્ધારમૈયા

બેંગલોર, તા.૨૫

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા સિદ્ધારમૈયાએ આજે દાવો કર્યો હતો કે તેઓ ફરી એકવાર રાજ્યમાં મુખ્યમંત્રી બનશે. હાસનમાં એક જનસભાને સંબોધતા સિદ્ધારમૈયાએ કહ્યું હતું કે મુખ્યમંત્રી બવાની તેમની ફરી ઈચ્છા છે. તેમણે કહ્યું હતું રાજનીતિમાં હાર જીત થયા રાખે છે. પ્રજાના આશિર્વાદથી તેઓ ફરી એકવાર કર્ણાટકના મુખ્યમંત્રી બની શકશે. આ ગાળા દરમિયાન સિદ્ધિરમૈયાએ વિપક્ષ ઉપર પણ તેજાબી પ્રહારો કર્યા હતા. રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ જનસભા દરમિયાન કહ્યું હતું કે તેમની બીજી વખત મુખ્યમંત્રી બનવાની ઈચ્છા રહેલી છે. તેમણે આક્ષેપ કરતા કહ્યું હતું કે તેમને બીજી વખત મુખ્યમંત્રી બનવાથી રોકવા માટે વિપક્ષે પારસ્પરિક રીતે હાથ મિલાવી લીધા છે.

# કેરળ પુરમાં નુકસાનનો આંક વાર્ષિક બજેટથી ઉપર જશે

**નુકસાનનો આંકડો ૩૫ હજાર કરોડ ઉપર જશે : પાવરને ૭૫૦ કરોડનુ નુકસાન થયુ : ૮.૬૯ લાખ લોકો હજુય રાહત કેમ્પમાં રહેલા છે**

કોચી,તા. ૨૫

કેરળમાં અભૂતપૂર્વ અને વિનાશકકારી પુર બાદ બચાવ અને રાહત કામગીરી તેમજ સાફ સફાઈ ઝુંબેશ યુદ્ધના ધોરણે ચાલી રહી છે અને જનજીવનને સામાન્ય બનાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે ત્યારે હવે વિનાશકારી પુરના કારણે નુકસાનના આંકડાને લઈને ગણતરી કરવામાં આવી રહી છે. પ્રાથમિક અંદાજ મુજબ આ આંકડો રાજ્યના વાર્ષિક બજેટ કરતા પણ વધારે હોઈ શકે છે. ભારે વરસાદના કારણે હજુ સુધી ૪૧૭ લોકોના મોત થઈ ચુક્યા છે. સેંકડો લોકો રાહત કેમ્પમાંથી પોતાના આવાસ ઉપર પરત ફરી રહ્યા છે છતાં હજુ ૨૭૮૭ રાહત છાવણીમાં ૮.૬૯ લાખ લોકો રહેલા છે. આઠમી ઓગસ્ટથી ૨૬૫ના મોત થઈ ચુક્યા છે. જ્યારે ૨૯મી મે બાદથી મોતનો આંકડો ૪૧૭ સુધી પહોંચ્યો છે. કેરળમાં સદીના સૌથી વિનાશકારી પુર તરીકે આને જોવામાં આવે છે. પુરના કારણે શરૂઆતી નુકસાન મુજબ આંકડો ૨૦ હજાર કરોડ સુધી દર્શાવવામાં આવ્યો છે. રાજ્ય સરકારની વાર્ષિક યોજના સાથે સુચિત બજેટનો આંકડો ૨૯૧૫૦ કરોડનો રહ્યો છે. તેમાં કેન્દ્ર દ્વારા શરૂ કરવામાં આવેલા

● અનુસંધાન પાન-૭ પર













